गुजरथी-शिक्षण-माला.

पुष्प ९-१२

सतारा.

ગુજરાતી-શિક્ષણ-માલા.

તેઓશ્રીનેજ ધન્યછે, તેઓજ વદવાયોગ્યછે, તેવોનુ જન્મ અને જીવીત વખાણવા લાયક છે કે જેવો જ્ઞાતિના સુખથી સુખી થાયછે, અને જ્ઞાતિના દુઃખથી દુઃખીથાયછે.

માલાનો-સંકલ્પ.—

આપણા વિસાનાગર જ્ઞાતિમા ભાંડુપ્રેમ-એકતા અને શુભઅંકુર સ્ફુરાવવા નિરંતર પ્રયત્નો કરીસું.

विषया नुक्रम.

મિતી આસો શુદ ૧૦ વાર સોમે સંવત ૧૯૭૪

જ્ઞાતી ભાઇઓને સદુપદેશ.

ઐક્યમાં ઇશ્વર છે, માટે ભિન્ન ભેદ ભૂલવો જરૂરનો છે.
હાથમાં હાથ મેળવવા સાથે, હૃદયને પણ મેળવો.
જાતિભાગ એ પ્રથમ છે, અને ફળ પાછળ છે.
વિશાળ વાણિ કરતાં, કાર્યનો અમલજ ઉત્તમ છે.
મમત્વ વિષરૂપ છે, ને એક દીલ એજ અમૃત છે.
મુશ્કેલીઓ પરસ્પરની, સહાયતાર્થીજ દુર થાય છે.
જ્યાં ધર્મ છે, ત્યાજ પ્રભુ છે; માટે ધાર્મીક શિક્ષણ આપો.
બાળવિવાહ ને બાળલગ્ન કરતાં,બાળસંસારથી હાની છે.
બાળસંસાર શરીરનો કટો શત્રુ છે.
કન્યાવિક્રય, ગરીબોની લાચારીનુંજ, પરિણામ છે.
ગાવેલાં બીનાં શુભ ફલ,પરિષદનાં વર્ષનાં અ તરથી જણાય છે.
જ્ઞાતિ દર્શન યાત્રારૂપ છે; માટે તેનો આનંદ લ્યો.
જ્ઞાતિ બંધારણ જ્ઞાતિ ભોજનનેજ લીધે છે.
જ્ઞાતિબધુંઓ જ્ઞાતિની ઉન્નતિના સ્થંભ છે,માટે તેમને મદદ કરો.
ઉદ્યોગ એજ જીવન છે; જ્ઞાતિ બધુંમાં ઉદ્યમ પ્રેરો.
જ્ઞાતિબધુંને કેળવવા, એ જ્ઞાતિનુજ ગોરવ છે.
હુન્નર વંડેજ લક્ષ્મિ છે, માટે જ્ઞાતિબન્ધુમાં હુન્નર પ્રેરો.
અન્ય ધારી શત્રુ શોધવા કરતાં, જ્ઞાતિધન જ્ઞાતિમાંજ વાપરો.
પુરૂષનું પુરૂષાર્થ ધંધામાંજ સમાયલું છે.

નોકરી ને ધંધામાં વિદ્યાનીજ પ્રથમ અગત્ય છે.
ધારા થોડા કરો, પણ કર્યાં તે ભક્કમ પાળો.
કહેવા કરતાં કરી બતાવો, એ સુલભ માર્ગ છે.
શરીર કસવાથી મનબળ વધે છે; માટે અખાડા ઉઘાડો.
ધંધાર્થે કેળવણી બોર્ડિંગસ્કૂલની સ્થાપનાથીજ મળે છે.
શિવાલય બાંધતા અગાઉ જેમ, સેવા ને મરામત ફંડ જોઈએ.
તેમ
સર્વ સુધારાઓ પહેલાં, ઉધ્યોગ–હુન્નર ને વિદ્યાફંડ સ્થાપો.
ગરીબોની નિંદા,એ પ્રભુની નિંદા છે; ગરીબી માંગેલી આવી નથી
ગરીબો તમારા છે,તેને નિભાવી સન્માર્ગે વાળવા,પણ તમારેજ છે
જન્મગાંઠ, લગ્ન અને શીમંત વખતે ન્યાતિ બાળકોને યાદ કરો.
ડી. એન. શાહ. સુરત. +

સુબોધ પ્રશ્નોત્તાર.

પ્રશ્ન	ઉત્તાર
૧ પ્રથમ પ્રાણીને આદરવા યોગ્ય શું?	સુગુરૂનાં આજ્ઞા--વચન
૨ પરભવ જતા સાથે લેવાનુ શું?	દાન, શીલ, અને તપ
૩ સંસારરૂપી વિષ વેલીનુ મુળ કયુ?	પરસ્પ્રહા--આશા-તૃષ્ણા.
૪ દુનિયામા ખરો દુશ્મનકયો?	આલસ–પ્રમાદ–અનુદયોગ.
૫ દુનિયામાં દક્ષ-ડાહયો કોણ?	જે સ્ત્રીચરિત્રથી ઠગાય નહિ તે
અવગણના કોની કોની કરવી?	ખળ, પરસ્ત્રી અને પરધનની

+ ખરેખર આ સદુપદેશ ખ્યાલમાં મુકવા યોગ્ય છે.એમાં ન્યાતના ઉનતીવાસ્તે શું કરવુ જોઈએ? એનુ વિવેચન સારી રીતે કરેલુ છે.જો સરવે આ ઉપદેશથી ચાલ્યા તો પ્રગતી થવાને વાર લાગવાનીનહી.

ખરી શાંતી શેમા છે.

(લે. ગોપાલ ગ૦.દેવી)

હજારો પ્રયત્ન કરો, તીર્થયાત્રા કરો, સાધુ ને માહાત્માના દર્શન લેઓ, તથા વાર્તા સાંભળો, ધર્મીક ગ્રંથ વાચો, તેથી ચિત શુદ્ધ થસે; પણ તમો જો સત્યનું વ્રત નાલીધુ હોયતો,તમો ને શાંતી કોઈ વખતે મલવાની નથી.શાંતી આ નામતી ઓલખ વાની વસ્તુ નથી. પૈશામાં નથી, માનમાં નથી, ઘણુા ભણ્યામ નથી, ગૃહસૌખ્યમાં પણ નથી, તે તમારા શરીરમાંચ છે. જ્યારે તમારૂં મન સ્થીર હસે,ત્યારેજ તમારા ધ્યાનમાં આવશે કે, મનને પવિત્રતા આવ્યા વગર તે કોઈ વખત શાંત થવાનું નહી. મનને પવિત્રતા આવવાને મોટું સાધન સત્ય આચ છે.

॥ सत्य तेंचि पर ब्रह्म, सत्या परिस नाही धर्म, ॥.

સત્ય માટેચ હરિશ્ચંદ્રયે પોતાણુ રાજ દાન આપ્યું ને સર્વસ્વ ને મુકયો પણ સત્ય છોડયું નહી.

સત્ય પાસેથી ઊન્મત્ત મન રૂપી હત્તીને વશ કરવા આવે છે. આમાટે કોઈ વખતે ખરૂ છોડવું નહી.ખરાને કોઈ વખતે મરણ નથી.પાંડવનું ખરૂં રાજય હતું કરીને તેમને મળ્યું. કોઈપણ વ્યવહારમાં સાચૂ વર્તન રાખવું તે વેપાર ગમે તે હોય તોપણ ફકર નહી.મન,કર્મ ને વચન આ તીનેપણુ સત્યચ રાખો.લોભ ના લીધે ભવનું સુખ મળાવવા માટે, ખુશ કરવામાટે, કારસ્થાન માટે, લોકોને લુભાડવા માટે, સત્યનો નાશ કરવો નહી કારણુ સાચા કરતાં મોટો ધર્મ નથી ને અસત્ય જેવું મોઠુ પાપ બીજુ નથી. ગમેતો માણુસને જગતમાં માન મળો અગર અપમાન થવો અથવા કષ્ટ થવે, નહી તો પ્રાણુ જવો;પણુ આપણા મન-

માં અસત્યનો જરીપણ સ્પર્શ થવા દેવો નહી,એજ આ જગત માં ધન્ય કેહવાય. કારણ ખરા શાંતીનો ને સુખનો અનુભવ એવા મહાત્માને મળે છે.

આપણા જ્ઞાતિના ઉન્નતી બદ્દલે બે બોલ.

લે૦ શહા ગોવિંદદાસ રામદાસ સતારા.

ज्ञातीની ઉંન્નતી થવાને મુળ આપ સરવે જ્ઞાતીબાંધવને આપણા મુળ સનાતનધર્મ માર્ગે ચાલવું તેમ ન ચાલતાં આપ સરવે ભાઈઓનો ધરમ છુટી ગયો,તેથી આપણીજ્ઞાતી નીચેલા વરગમાં આવી પડેલી છે.આપણો ધરમ એટલે આપણ જે કુળમાં, જે જ્ઞાતીમાં, જે ધરમમાં ઉત્પન્ન થયા છીએ,તે જ્ઞાતી ના મુળ આચાર શું છે, ચાલુ રીત શું છે અને ભાષા શું છે તેમાંથી કશાનો ગંધ નથી.મુળ જોતાં આપણી ઉંત્પત્તી ગુજરાત દેશમાં વિશનગરમાં થઈ, તેથી અમો વિસાવડ–નાગર વણિક એમ નામ ચલાવીએછી.

ગુજરાથ દેશમાં ઉંત્પન્ન થએલા માણસને આપણી જન્મ-ભાષા એટલે દેશભાષા જોઈએ એમ છતા, આપણા દખણ દેશમાં જેટલા ગામડામાં આપણા જ્ઞાતીભાઈઓ છી ,તે સરવેનુ ભાષાજ્ઞાન જોતાં નીવળ મરાઠી ભાષામાં તથા આપણા ભાષામા કાઈ ફેર નથી એમ જણાવામાં આવેછે. તેનું કારણ આપણ દખણ દેશમાં આવીને ઘણા વરસ વીતી ગયા તેથી તથા દખણ લોકોના સહવાસથી આપણ આપણા ભાષાની કાળજી લીધી નથી. પીતાજીએ છોકરાને જેમ શીખાડીએ તેમ છોકરાને વિદ્યા આવે. મુળ ગુજરાથી ભાષાની ચોપડીઓ

વીગેરે મંગાવીને કોઈ શીખાડવાનુ રાખ્યુ નથી. બીજા કોઆ ગ્નાતીમાં જોતાં રાજભાષા તથા તેમણા ગ્નાતીની ભાષા સારી રીતે ચાલુ છે, તેમ આપણા ગ્નાતીમાં નથી. માટે ભાઇઓને વિનંતી છે, જો આપણી દેશભાષા શીખાડવાના કામમાં ખબરદારી લેશો તો આપણી ઉન્નતી થવાને વાર લાગવાની નથી. ઘણુ લાંબુ જવાનું કારણ નથી, સતારામાં ઘણા વરસ પછવાડે આપણા ગ્નાતીના કોઈ ઘર ગુજરાથી ભાષાગ્નાનમાં તથા અક્ષર કાઢવામાં ઘણા આગળ હતા કે અમારા સારખાના છોકરા તેમના ઘેર ગુજરાથી ભણવા જત હતા તેમના ઘરના અક્ષરના આધારે અક્ષર તૈયાર કરતા હતા તે ઘરના હાલ જે કોઈ માણુસ છે તેમને પુરતુ ગુજરાથી બોલવા આવતું નથી. પછે સારૂં અક્ષર થવાની વાત લાંબી છે!

માટે મુળ ભાષા શીખાડવા ઉપર નજર રાખવી આપણો ધરમ એટલે આપણ નાગર વણિક ગ્નાતીમાં ઉત્પન્ન થયા છીએ, શ્રી મહાદેવજીનું સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે બે સ્વરૂપ એક્ય છી, આપણ સરવે મહાદેવજીના વંશમાં ઉત્પન્ન થયા છી. તે મહાદેવજીનું બિસરૂ સ્વરૂપ 'શ્રીકૃષ્ણ ભગવાન' એ આગ્ના કીધા મુંજબ આપણી ચાલરીત વાગણુંક નથી. તે-આગ્ના એટલે આપણા ધરમ પ્રમાણે ચાલવું અન્ય માર્ગીના ધરમ પ્રમાણે ચાલવું નઈ. નીંદ્ય આચાર, વચાર, ખાવા-પીવાના પદાર્થ સેવન કરવુ નહી, નીતીથી વેપાર-ધંદો કરવો. કોઈનુ કુશાની નાશ થાય તેવી વાત કરવી નહી, આપણા પિતા જે માર્ગેથી ચાલતા, હતા જે ધરમથી ચાલતા હતા. તે મારગ તથા ધરમ છોડવો નહી: બિસરા ધરમ તરફ જોવુ નહી. તથા નિંદા પણ કોઈની કરવી નહી. ઘણી રીતે ધરમ બાબતના ઘણા આચાર છી. તે

ન છોડતા મૂળ ધરમ ચાલતો આવ્યોછે તે રીતે ચાલવાની શીખામણુ આપવી. તે રીતે ચાલ્યા વગર જ્ઞાતીની ઉન્નતી થવાને વાર લાગવાની નથી. શ્રી ગીતાજીમાં વાક્ય છે

(स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः)

તે વાક્યનો અર્થ એટલે બીસરાનો ધારમ બીતી દાયક છે, આપણા ધરમથી આપણ ચાલવા લાગ્યા યેટલે આપ સરવે ભાઇઓનુ પ્રેમ ધાડે ધાડે વધતુ જશે, તે પ્રેમ વધ્યાથી સરવે ભાઇઓની થોડા ધાડામાં એકી થઈ જશે.

એકી એટલે સરવે જ્ઞાતી ભાઇઓએ એક વચારથી ચાલવું. કામ કાજ શિક્ષણુ વીગેરે સરવેનો એક વચાર કરીને કરવુ. તેમચ વચાર ન કરતા કામ કરૂં તો દશ માણુસના દશ વચાર થઇને કામનો બગાડો થાયછે. તેનો દાખલો હાલ તમારા આગળ છે. એકી હોવાથી આપણા જ્ઞાતીનો જે ફાયદો થશે તે બીસરા કશાથી થવાનો નથી. તેનું ઉદાહરણુ પોપટ કરીને પક્ષી છે તેમના જ્ઞાતીમા એખાદો પોપટ કોઈ માણુસયે ધરીને પીંજરામા મૂકયો ને કાઈ કાળ વીતી ગયાપછી તે પોપટને છોડયો તો તેમના બીસરા ભાઈ તે પીંજરામાલા પોપટને મારી નાખવાનો વચાર કરીછી. કારણુ તે આપણા સર્વે જ્ઞાતીને છોડીને ગયો હતો. તે લીધે ફરીથી ન્યાતીમા લેવુ નહી ધણી રીતે પશુ-પક્ષીમા જાશો તો સરવે ન્યાતીની એકીતી રેહવાની ચાલ છે.હાલના કાળમ આપણા ગુજરાથી બંધુ વિગેરે ન્યાતીમા લોકો આપઆપણા ન્યાતીના ધરમની તથા એકીતી રહીછી તેના લીધે તેમનો જમાવ વધીને તે લોકો મોટા શ્રીમાન થઇ ગયા છી. તેનું કારણુ પોતાનો'ધરમ'તથા'જાતીની' એકી આપે

વાતેથી તે ઉંચાસ્થિતીમા આવી પોતાછી.કાઈ ધાડા પછવાડે સતારામાં સરવે ન્યાતીની દુફળી હોવાથી કોઈ કોઈને પુછતું નવ્હતું.પણ' શ્રી કૃષ્ણ ભગવાનની'કૃપા આજબ છે. તે-કેવી કે કાંઈ ધરમ નીતીથી વાગણારા માહા-જનોએ મનમાં વચાર કરયો જે આપણા ગામની એકી કરયે તે સારૂ આમ-વચાર કરીને ચાર નાના નાના મહા જનોએ એક ઠેકાણે મેગું થવાની દીશા કાઢી. તે સરવે બાલક એક ઠેકાણે ભેગા થતાં તેમના ખટપટને ઠાકોરજીએ એવું જશ આપ્યું કે તે બિ-સરા કોઈના ખટપટથી ન થતું તે જશ એટલે સરવે ન્યાતીબંધુ ની એકી થઈને તેમનુ પ્રેમ પેલા પ્રમાણે ચાલું થયું છે. આશ લીધી થયું તો યેકીના લીધે થયું પ્રથમ નાના બાલકોની એકી થઈ એટલે તેના પાસેથી મોટા માણસની પણ થાયછે. આમ-દરેક ન્યાતીમાં આપણુ ઉદાહરણ લઇને એકી કરવાનુ વધતું જશે. આમ દરેક ન્યાતીની એકી થયાતી આખા દેશની એકી થવાને વાર લાગવાની નથી.દેશની એકી થયાતી રાષ્ટનુ હીતછે. 'એકી'જેવુ ફળ બિસરા કશામાં નથી.આમારા સતારાના બંધુની એકી નાના નાના બાલકોયે મળીને કરી તે બદલ તેમના આભાર માનયે તેટલા થોડાચ છી.

આપ સરવે ભાઈ મંડળી મળીને આપણા ન્યાતીના ગરીબ છોકરાના શિક્ષણ સારૂ દેશો દેશ ફરીને ફંડ ગોળા કરવાની તસદી લેવી. તેફંડ ગોળા કરવાની તસદી લેવી. તેફંડ ગોળા થયાતી ન્યાતીના છોકરાને વિદ્યાનું શિક્ષણ વેપારનું શિક્ષણ તથા ધરમ વીગેરે હરએક પ્રકારનુ શીક્ષણ આપવાની વ્યવ-સ્થા રાખવી. તે જાર સુધી નઈ થાય તાર સુધી ન્યાતીની ઊન તી થવાની નથી, કારણ વિદયા એ ધન મોટુ છે.

તેના સરખુ ધન બીસરૂ નથી. ફંડ ગોળા કરીને તે ફંડના વ્યાજમાંથી એક નિશાલ એખાદા મોટા ગામમાં કાઢવી ને ત્યા છોકરાને વિદ્યાનું, ધંદાનું, ધરમનું, વિગેરે શિક્ષણ આપવું. બીજુ નિશાલ કાઢીને છોકરા શિક્ષાણસારૂં મુકીને શીખાડવાનું કામ ચાલું થયું એટલે છોકરાઓને બિસરા ખોટા નાદ વીગેરે લાગવાની ભીતી રહી નથી. આપણી ન્યાત વિદ્યાના બાજુથી, મનના બાજુંતી,એકીના બાજુતી,તથા દ્રવ્યના બાજુતી, જોતાં સરવેમાં પછવાડે થઈ ગઈ છે. તેનું કારણ જે આપણા નાતમાં વિદ્વાન થએલા માણસની ટંચાઇ છે. આપણા દખન દેશમાં ના તેર ગામમાં જોતાં એકાદો માણસ મોઠા પદવીઉંપર ગયો છે, એવું એખાદું ઊદાહરણ નહી. આપણા ગ્નાતીમાં તેવા માણસ ન હોવાતી તથા ગ્નાતીની નિશાલ ન હોવાતી બાલકોને સારા વલણ લાગતા નહી. એખાદા નાહના બાલકને સારા વલણ લાગ્યા યેટલે આગેમના પ્રજનને મળે તે મુજબ સારા વલણ લાગીછી, માટે આપણા ગ્નાતીની નીશાલ કાઢીને તેમાં આપણા ભાષાનું, ધરમનું, વેપારનું ગ્નાન વિગેરે શિખાડવાની તજબીજ કરયાતી આપણા ગ્નાતીમાં છોકરા વિદ્વાન થશી તેમાંશક નહીજ. વિદ્વાન થયાતી દ્રવ્યની અનુકુલતા થાય છે. દેશ બાંધવની અનકુલતા થાય છે. [**विद्वानः सर्वत्र पूजयते**] એવુ સંસ્કૃતમા વાકય છે. તે વાકયને તમો પાત્ર થશો. આપ સરવેઓએ લોકમાન્ય તીલક વાગેરેના વ્યાખ્યાન સાંભળ્યાનો આપના ન્યાતીમાં કોઈ બોલનારો નિપજે નહી. તેનુ શીખામન નહી. આપ સારવેઓને વીનંતી છે જે આપના ન્યાતીની ઉન્નતી થાઈએ એવી આશા ધારતા

હશે। તો આપના ન્યાતીબંધુને પ્રથમ ધરમનુ, વિદ્યાનુ, નીતી નુ શીક્ષાન આપવાની તજવીજ કરશો તો ન્યાતીના ઉન્નતીને વાર લાગનાર નહી.ધરમનુ શીક્ષાન પ્રથમ આપવાનુ કારણ શ્રી કૃષ્ણ ભગવાન ગીતાજીમાં અરજુનને કિહેલુ છે જે :– જે ઠેકાણે મારા ભક્ત છી તે ઠેકાણે હું ઉભો છી, એમાં કાઈ શક નથી. ધરમનું શિક્ષણુ પ્રથમ આપ્યાથી ઠાકોરજીની પ્રસન્નતા થયાતી કામ થવાને વાર લાગવાની નહી વાસ્તે ધરમની શિખામણુ પ્રથમ આપવી જોઈએ.

આપણો ઉદય કાળ સમિપ છે.

લેખક- ઢાયાભાઈ નવલરામ

આપણો ઊદયકાળ નજદીક છે,કારણુ કે ઊત્તર ને દક્ષીણુ બંને દિશાએ દુંદૂભીનાદ" વિશાનાગર જ્ઞાતીબંધુ"અને " ગુજરાથી શિક્ષણુ માલા "નામના માસિકો વગાડી રહયા છે.શ્રીયુત જીવન લાલ નાથાલાલ તથાશ્રીયુત દેવી જ્ઞાતીબંધુઓજાગૃત કરી રહ્યા છે. જ્ઞાતીબંધુઓપણ એ નાદથી મદદ કરવાને ખડેપગે તૈયાર થઇ રહ્યાછે. જેની સાબિતીમાં વિશનગર પરિષદ કારતેક કૃષ્ણુ પક્ષ ૬ ને રોજ ભરાણાર છે.

પ્રકાશકોએ પોતાનો પ્રકાશ બંદ પાડવો જોઇતો નથી. જો તેઓ આ કળયુગની કસોટીમાં નીડરપણે કામ નહી કરે તો કળયુગના સપાટામાં સપડાઇ જ્ઞાતિસેવા બજાવવામાં પાછળ પડશે.જો તેઓ ગરિબોપાસે કોઇપણુ પ્રકારની મદદ માગશે તો ઘણા મેળા થઈ ઘણી સારી મદદ કરશે.શ્રીમંતની મદદ એક વારની અમુક વખતની છે. જયારે ગરીબોની સખ્ત મહેનતની ચીરકાલ નમે એવી છે.

પગથીએ પગથીએ ચઢતા જઇશું તો વૈકુંઠપુરીસુધી-પહોંચશું. પણ પગથીએ પગથીએ શ્રમ લાગવાથી ખાનપાનાદીસારૂ દ્રવ્ય જોઇશું માટે દ્રવ્યની ખાણો શોધવી પડશે. એ ખાણો શોધવામાટે ડિરેક્ટરીની જરૂર પડશે. ડિરેક્ટરીમાંથી નામ શોધી તે નામવાળા ન્યાતીબંધુપાસે જ્ઞાતીહિતાર્થે જઈ યાચના કરશું તો ઉપજનો દશમો ભાગ જલદીથી મેળવી શકીશું. એનીસાથે શ્રી હટકેશ્વરની વંદના કરીશું કે તું જ્ઞાતી-બંધુઓના મનને પ્રેર કે જેથી તારા પુત્ર પોત્રાની સ્થિતિ સુધરે અને તારા નામનો અહોનિંશ જાપ જપે.

વખત પલટાયોછે, ભાવીપ્રજામાં સંક્રાસીલ વૃત્તીને ઉર્મીઓ કૂદ કૂદ કરી રહી છે. એ કૂદા કૂદીમાં તેઓને ન્હાની ન્હાની કલબો, સોસાયટીઓ મંડળીઓ ઊંભી કરી આપવી જોઇયે; ને તેમાં આનો બે આના માસીક ફી ઠરાવી આપવી જોઇયે. આમંડળનો હેતુ માત્ર એ હોવો જોઇયે કે ફુરસદના વખતમા લાયબ્રેરી વા રીડીંગ રૂમનો લાભ લઈ તેમાંથી શું ગ્રહણ કર્યું તે અઠવાડીઆની આખરે રવીવારે મંડળ સમક્ષ નોંધસાથે ભેગા મળવું અને ત્યા પ્રત્યેકની નોધ વંચાયાબાદ છુટા પડવું. આવી સભા વા સમાજે પરસ્પર શાળામાં ચાલતી ચોપડીની આપ, લે, કરવી. અને ચોપડી સાચવીને વાપરનારા ઓનો મંડળના સેક્રેટરીએ ઉપકાર માનવો; બહુધા શીલ્લક હોએ તો ઇનામ આપવું. આ મંડલનો આશય એ પણ હોવો જોઇએ કે ગરીબ તવંગર સધળાના છોકરાઓએ એક બીજાને બંધુ ગણી વિદ્યા અભ્યાસમાં મદદ કરવી અને રાજકીય ને સાંસારીક બાબતોથી દૂર રહેવું.

આવા મંડળોમાટે જગ્યા મેળવી આપવી તથા દૂર રહી પુત્રોના લક્ષણો જોવા એ નેતાઓની ફરજ કીંવા જબાબદારી છે.આવા મંડળો સ્ત્રીઓનેમાટે પણ નિકળી શકે એમ છે.

નેતાઓએ દેશ પ્રદેશના જ્ઞાતી બંધુઓ સાથે સમાગમમાં આવવું અને પોતાના પુત્રોને પણ સમાગમમાં લાવવા, આથી થોડે કાળે બંધનરૂપી સાંકળ તૂટશે, એટલુંજ નહી પણ આપણે જે કરી શકયા નથી તે કરવા તેઓ શક્તીમાન થશે. જેથી ભાષાની શુદ્ધી એક ભાષા,એક રિવાજ કન્યા આપ,લેનો સબંધ વ્યાપાર રોજગારમાં સહાયતા, દુષ્ટ રીવાજનો નાશ એ આપો-આપ થશે.

આપણી દુર્દશા લાવણાર આપણેજ છીએ, કારણ આપણે સ્વાર્થી જીવન ગાળ્યુ, સાંકડા વિચાર ધારણ કર્યા, ન્હાના ન્હાના ગોળાઓમાં રહેવા પસંદ કર્યું, આપણી મુંલ ભુમિકા પ્રત્યે ને આપણા કુલદેવ પ્રત્યે દૂર્લક્ષ્ય રાખ્યુ, આપણી જાહોજલાલીમાં દેશબંધુઓને અને જ્ઞાતિબંધુંઓને વિસારી મુંકયા,તે ઉપરાંત આપણી ભાષાને પણ થોડી ઘણી તિલાંજળી આપી તેમ થોડો ઘણો પહેરવેષમાં પણ ફેરફાર કર્યો. આથી થોડેકાળે એક બીજાની પરસ્પરની સહાયતા, માન, ને પ્રિતી નષ્ટ થતા ચાલ્યાં.જેને પરિણામે કૂલદેવની અવકૃપાએ આપણી વસ્તી ઘટતી ગઈ.વર છે ત્યા ઘર નથી ને ઘર છે ત્યા વર નથી એ કહેવત મુજબ પૈસો છે ત્યા છોકરા નથી, ને છોકરા છે ત્યા પૈસો નથી તેમ કન્યા છે ત્યા વર નથી ને વર છે ત્યા કન્યા નથી, એમ બધે સ્થળે થઈ રહયુ. આના પરિણામમાં કન્યા વિક્રય બાલવિવાહ, બાલસંસાર આદિનુ જોર બાધ્યું.

હવે શ્રી હટકેશ્વરે સર્વને અઘોર નિદ્રામાંથી જગાડ્યાછે માટે હવે ઊદયકાળ સામું દૃષ્ટિ કરો. અશુભ વિચાર કદાપી ન લાવો.ગઇ ગુજરી ભુલીજાવો ને શુભાશુભ ભાવ મનમાં લાવો. ઉન્નતીના માંર્ગ શોધો. ઉંન્નતીના માર્ગમાં સંચરવાને આડી દીવાલ હોય તો સારા વિદ્વાનોની સલાહથી બ્રહ્મચર્ય રૂપી હાથીની મદદતી તે તોડી નંખાવો. તથાસ્તુ.

વેપારની દીશા.

શ્રીનાથજી

(ગોવીદદાસ નારાયણદાસ બનાતવાલા)

વેપારીને વિજય નથી મળતો કારણ કે :—

તેને કોઇમાં વિશ્વાસ નથી.
બધુ કામ પોતે કરવા જાય છે.
પોતાનીજ અકકલ સર્વોપરી ગણેછે.
તે એકદમ શ્રીમાન થવા જાય છે.
ઉદારતા કે સહનશીલતા તેનામા નથી.
નાની નાની બાબતોની તે ઉપેક્ષા કરેછે.
સાહસ કરવાનુ તેનામાં ધૈર્ય નથી.
સહજ ખોટ આવતા તે ત્યજી દે છે.
પ્રયત્નની તેમાં ખામી છે.
હલકા પકારના નોકરોને શોધે છે.
ગ્રાહકોને તે પ્રસન્ન કરી શકતો નથી.
કામ કરવામાં તે હલકાઈ સમજેછે.
પ્રામાણિકપણાનો તેનામાં અભાવ છે.
સાચુ બોલવાનું જાણતો નથી.
જેને તેને ફસાવવાની ઇચ્છા રાખે છે.
વિનય વિવેકનો તેનામા અભાવ છે.

પ્રાસંગિક નોંધ

આજે આ" માસિક "નુ પેહલુ વર્ષ પુરૂં થાયછે. જ્યારે સુરૂં કરવામાં આવ્યું ત્યારે અત્રેના શ્રીમંત જ્ઞાતિબંધુની માસિક નિભાવવામાં હિંમત મળી હતી;જેથી શરૂતો કર્યું પરંતુ તે લ-ગઈ સુધી ટકી શકસે કે કેમ?અને આ કાર્ય કેટલું ખર્ચનુ જોખમી અને પરીશ્રમ વાળુ છે એ જો અમોને મુદ્દલ ખ્યાલ સુદ્ધાં નહોતો. જેમ જેમ અંકો પ્રગટ થતા ગયા અને ગ્નાતી ઊન્નતિવિશે અનુભવથી વિચાર સુચતા ગયા તેમ તેમ માસિકના લેખો કેવળ સત્યનીજ પરવા રાખી જ્ઞાતી હિતાર્થે લખતાં ગયા. પરિણામે આવ્યુ કે જેઓ સદ્બુદ્ધીવાળા ખરેખરા જ્ઞાતીચીંતક હતા તેઓ માસિકના ગ્રાહક થઇ બીજાઓને ગ્રાહક બનાવી-માસિકને ટેકો આપવા લાગ્યા, ને જેવો સ્વાર્થી દંભી ઈર્ષાળુ, ખોટી કીર્તીના ભુખ્યા, બીજાની મતીઉપર ચાલણારા, પેશાદારોના અને શ્રીમંતાઓના ખુશામતિઆ, જ્ઞાતી, ધર્મ, દેશના અભિમાન વિનાના, કન્યા વિક્રયીઓ, વૃદ્ધ લગ્નકરનારાઓ, અને ભાંડુતી દલાલો હતા તેઓ અલગ થઈ બેઠયા. અર્થાત સ્વાર્થસાધવામાં અંતરાયરૂપ થતાં માસિકનુ કાર્ય પ્રણાલી [પદ્ધતી] તેઓને પરાંદ પડીનહી તેથી ગ્રાહક પણાથી મુક્ત થયા અને તેઓસાથે જે શ્રીમંત ગ્નાતીબંધુની સહાય હતી તે પણ અટકીપડી.

લડાઈ જેવાગંભીર વખતમા જે વખતે માસીક ઊત્તમોત્તમ ચલાવવાના સાધનો છતા પાંચપાંચ પટ કીંમત ખર્ચ્યુવા છતા મળાવા કઠીણ છે;એમ છતા એવા સમયે તેને નીભાવવાનો બોજો એક સાધારણ સ્થિતીના માણસપર આવી પડે એ કેટલુ--

બિકટ છે? તેમ છતા પ્રભુપર વિશ્વાસ રાખી હાથે ધરેલુ કાર્ય ચાલુ રાખ્યુ એટલુજ નહી પરંતુ તેને પરીષદ, વસ્તીપત્રક, જ્ઞાતીનો ઊદ્ધાર જેજે પ્રકારે થઈ શકે તે તે પ્રકારે કાર્ય કરવાનો આરંભ કર્યો અને તેનું પરિણામ એ વર્ષમા કેવુ જ્ઞાતીને ઊન્નત સ્થીતીમા લઈ જવામા લાભકારી નિવડ્યા છે એ જ્ઞાતી ભાઈઓને સારી રીતે વીદીત છે.

ન્યાતિ જે વખતે ભિન્ન ભિન્ન દશામાં છે, જે વખતે ધર્મની મર્યાદા લોપાઈ ગઇ છે, જે વખતે દેશ નિર્ધન બન્યો છે અને તેથી આખા દેશમાં પોતપોતાની ન્યાતિ ધર્મ કે દેશની ઊન્નતિ કરવાર્થે અનેક સજ્જનો આત્મભોગ આપી બહાર પડ્યા છે. તે વખતે સ્વાર્થમાં, લોભમાં, ભીરૂતામાં કે મોજશોખમાં રેહવું એ ઠીક નથી. અમોને અમારૂં કર્તવ્ય બજાવવાને તૈયાર થતાં પ્રભુમાં સંપૂર્ણ શ્રદ્ધા છે કે તે મહાન કૃપાળુ અમોને અધીક આત્મબળ અને ન્યાતિસેવા કરવાના સાધનો આપશે અને ન્યાતિમાંથી પણ અમારા સાથે કાર્યકરવામાં સહાયભૂત થણારા અનેક નરરત્નો પ્રકટાવશે કે જેથી ન્યાતિ ઉદય, ધર્મ અને દેશનો અભ્યુદય થવામાં વિલંબ ન લાગે.

કર્તવ્ય તરફ દૃષ્ટી રાખી કાર્યકરતાં અપુરા વરસમાં મુંબઈનિવાસી શેઠ વિઠલદાસ નારાયણદાસ તથા સાંગલીના શેઠ ગોવિદદાસ સિતારામદાસ તથ અત્રેના મહાજનશ્રીએ માળા નિભાવવામાં પોતાથી બનતી મદદ કરીને પોતાની ફરજ બજાવેલી છે. તેમ જે જે બંધુઓએ લેખો લખી મોકલી,ઉપકાર કરયો તે માટે તેવોને અમારા તરફથી તથા આખી નાત

તરફથી અભિનંદન ઘટે છે. અમોને આશા છે કે ગયા વરસ-માફક અને તેથી પણ વિશેષ વધારે પ્રમાણમાં જ્ઞાતીસેવા બજાવવા અમારા ભાઇઓ અમોને મદદ કરશોજી.

વ્યવસસ્થાપક માળા.

નવા વર્ષનો સંદેશ

(શેટ ગોવિંદદાસ નારાયણદાસ.)

બધુંઓ! આવતી આસોવદ ૩૦ના દીને સંવત ૧૯૭૪ નું વરસ ખલાસ થાયછે અને નવા વિક્રમ વરસનો આવતા કાર્તીક શુદ ૧ થી શરૂવાત થાયછે. તે વખતે દર વરસપ્રમાણે આપ આપણી દુકાનો શૃંગારશો. જુના હિસાબ નકી કરશો નવા ચોપડા લખવા સુરૂ કરશો. દારૂખાનો તથા મિઠાઈ લાવી છોકરાઓને રાજી કરશો. ઉત્તમ વસ્ત્રથી ભુષીત થઈ રહશો. ચાર દિવસ મિષ્ઠાન્ન કરી સુખેથી જમશો, તમારા માટે તેટલુજ પુરતુ નથી.નવુ વરસ એટલે આ વિશ્વગ્રંથનો એક નવો અધ્યાય છે.તે અધ્યયમા તમારા માટે સારૂ લખાણ તેની કાળજી રાખશો. ગત વરસમાં તમારા બદલે જે લખાણ હોય તેવુજ આવતા વરસમાં પણ લખાય તેનુ ધ્યાંન રાખશો ગત વરસમા તમો જે જે ભુલો કરવાની કરી હશે તેવીજ ભુલો આવતા વરસામાં ન કરવાની આપ ખબરદારી લેશો. ગયા વરસામાં તમો કોઈનો અપરાધ કરયો હશે કોઈનો દ્રશ કરો હશે કોઈનુ નુકસાન કરયુ, ખોટું બોલ્યા હશે, તે સર્વે ધ્યાનમાં રાખી તેવાજ ખરાબ કામ આવતા વરસા ન થાય તેનુ ધ્યાન રાખજો. ગત વરસામા તમો ઇશ્વરનુ સ્મરણ કરવ

ભુલી ગયા હશો,વડીલ જનનો અપમાન કરયો હોય વેપારમ
ભુલો કરી હશે, ઈન્દ્રીયોને વશ થઈ શરીરની હાની કરી હશે
ગરીબોને ધિક્કારયા હશી તેવુ ફરીને ન થાય એવો નિગ્રહ
કરશો. એવી રીતે તમારા વર્તનનુ સારવાયુ કાઢી જગતના અ
નવા અધ્યાય તમારા માટે કોરૂ રાખેલુ પાનુ સુંદર લખાણોથી
ભરાય તેવી કાળજી રાખશોતો પરમેશ્વર કૃપાથી નવુંવર્ષ ત-
મોને અત્યંત સુખરૂપ નીવડશે તથાસ્તુ.

સ્ફુટ નોંધ અને ચર્ચા.

વિસાવડ—નાગર હિતવર્ધક આ નામના સમાજનુ દ્વિતીય વા– ર્ષીક સમેલન તારીખ-૧૫-૯-૧૮ ના દિવસે સતારાના મહાજન- વાડીમા ભરેલું હતુ તે સમયે પ્રમુખ માટે પુણાના શેઠ કીસન- દાસ વિષ્ણુદાસ અવાના હતા પણ તે કોઈ અડચણલીધે આવ્યા નહી, તે વખતે ધણા જ્ઞાતી ભાઇઓ ભેગા થયેલા હતા.

સુરવાતમા રાષ્ટ્રગીત સારી પેટે ગવામા આવ્યુ, પછે પારેખ ગોકુળદાસ વ્યંકટીદાસ યે સતારાના જણીના શાહા ગોકૃળદાસ રામદાસની પ્રમુખપદ માટે દરખાસ્ત મુકી તેને શહા ગોપાળ- દાસ વિઠ્ઠલદાસયે ધટતા શબ્દમા ટેકો આપ્યો. ત્યાર પછી સ્વાગત કમીટીના અધ્યક્ષ સેટ ગોવર્ધનદાસ વ્યંકટીદાસાયે સ. માજનું પરીયાલોચન કરી સમાજની હાલની સ્થિતી તે ઊપર ચાર શબ્દ કીધા. ત્યારપછી મથુરાદાસ લોચનદાસ મુંબાઈવાલા જ્ઞાતીબંધુના પ્રકાશક ને તંત્રી જીવનલાલ નાથાલાલ અમદાબાદ સેઠ ગોવિંદદાસ સિતારામદાસ સાગલીવાળા ને શહા મુકુણદાસ દામોદરદાસ નગરવળા યેવા સદગ્રહસ્થોના અભીપ્રચીંતનના કાગળો શહા વિષ્ણુદાસ ભગવાનદાસએ વાચી બતલાવ્યા

ત્યારપછી અધ્યક્ષ શહા ગોકુળદાસ રામદાસના સુંચનાથી સામાજના સેકરેટરી દેવી ગોપાળ ગણેશ યે સામાજનો અહવાલ વાચી બતલાવ્યો. ત્યાર પછી વામનદાસ પુરષોત્તમદાસ યે માલા સંબંધની હકીગત,માલાની અવશ્યકતા ને તેનુ ધોરણ યેબાખતો ઉપર ટુકામા સારી રીતે કેધી; ત્યાર પછી સામાજ માટે દેવી ગોપાળ ગણેશયે ખાસ કરેલુ ગીત શાહા ગોવીન્દદાસ માધવદાસ યે સારી રીતે ગાઈ બતલાવ્યુ,ત્યારપછી આપણા જ્ઞાતીના'કેળવણી 'બાબદનો નિબંધ દેવી વાસુદેવદાસ રાજારામદાસયે વાચ્યો. શહા વામનદાસ પુરૂષોત્તમદાસયે' જ્ઞાતી સેવા 'બદલે ની બંધ વાચી બતલાવ્યો,પારેખ દ્વારકાદાસ ગોવર્ધનદાસ(નગર વાળા સામાજના સંમેલન માટે આવેલા) તેઓયે જ્ઞાતીના અવનતીના કારણો ટુંકામા પણ સારી રીતે આપણા વચાર સમાજ આગળ માંડયા ને મનમોહનદાસ લક્ષુમણદાસ યે'પરીષદ ની અવશ્યકતા' આ ઉપર વીવેચન કરયું,એવી રીતે નીબંધ-- વાચવામા આવ્યા પછે સમાજમાટે કરેલા ગીત શાહા ગોપાળ દાસ તથા ગણપતદાસ સુંદરદાસ ,છોકરાયે ગાઈ બતલાવ્યા, પછી પ્રમુખ સાહેબ- શાહા ગોકુળદાસ રામદાસનુ સમાજના સારા કામગીરી બદલે તેના ચાલકોને આગળ જ્ઞાતીની સેવા બદેલે સ્પુર્તીદાયક ઉપદેશ કરવામા આવ્યો.ત્યારપછી અહીયાના ગુજરથી સબજજ્ય મે.ડાહયાભાઈ રેવાશંકર બીએ. એલ. એલ. બી. યે સમાજને ઉપદેશપર અને જ્ઞાતી ભાઇઓને આપણા માતૃભાષા બદલે અભીમાન રાખવા બદલે સુશ્રાવ્ય સારૂ ભાષણ કરયુ. શાહવીઠલદાસ ગોકુળદાસ ને શહા સુંદરદાસ રાજારામદાસયે પ્રમુખ સાહેબ તથા સમાજના આમંત્રણને

માન આપી અવેલા ગ્રહસ્થોના અભાર માન્યા,અને સમાજના પ્રવર્તક દેવી ગણુપતદાસ હીરાચંદના આભાર માનવામા આવ્યા. સવાર પાસેથી ને જમણના પાસેથી તે સમાજનુ બધુ કામ કરવાબદલે મેહેનત કરેલા મંડળીના આભાર માનવામા આવ્યા, ગયા વસારમા કરેલા કાર્યકારી મંડળી ને સેક્રેટરી,ખજીનદાર યે સારૂ કામ કરયુ તે બદલે આભાર માન્યા. અને ત્યાર પછી હારતુરા, પાનબીડા વાટવામા આવ્યા અને કારી પાન થઈ સભા વીસરજન થઈ.

શ્રી

શ્રી સતારા વિસાવડ-નાગર હિતવર્ધક સમાજનુ દ્વિતીય વાર્ષિક સંમેલન

'શ્રી વિસાવડ નાગર હિતવર્ધક સમાજ આ નામની સંસ્થા સંવત ૧૯૭૨ ના ભાદરવા શુદ ૧૪ ના દિને સતારામાં સ્થાપન કરવામાં આવી હતી.

સમાજના ઉદેશ

આ સમાજનો ઉદેશ એ છે કે આપણી નાગર–ન્યાત જે અજ્ઞાનરૂપી અન્ધઃકારમાં ડુબી ગયી છે ને જાય છે, તેને અમૃત પાયી ઊપર લાવવાનો પ્રયત્ન કરવો. સામાજીક, ધાર્મિક, ઐાદ્યોગિક, શિક્ષણ, ઉન્નતીસારૂ સરખો પ્રયત્ન કરવો. જ્ઞાતીની બધા બાજુથી ઉન્નતી કરીને સારો મારગ લગાડી આપવો. એવા મંડળની કેટલીક અવશકતા છે એ આપણે "પ્રથમ વિશા-નાગર પરિષદના" પ્રમુખના ભાષણ ઊપરથી જાણવામાં આવશે.

સમાજનુ કાર્યકારી મંડળ ને વર્ગણીદાર

૧ શહા સુંદરદાસ રાજારામદાસ. [પ્રેસીડેંટ]
૨ દેવી ગોપાળદાસ ગણપતદાસ [સેક્રેટરી]
૩ શહા ગોપાળદાસ વિઠ્ઠલદાસ [મદદનીસ]
૪ પારેખ ગોકુળદાસ વ્યંકટીદાસ [ખજીનદાર]
૫ શહા વિઠ્ઠલદાસ ગોકુળદાસ [ઑાડીટર]
૬ શહા મનમોહનદાસ લક્ષુમણદાસ [લાયબ્રરીના સે૦]

ડાયરેકટર્સ

૧ શહા વામનદાસ પુરશોતમદાસ ૨ શહા વાસુદેવદાસ લક્ષુમણદાસ ૩ દેવી ગોવિંદદાસ રાજારામદાસ ૪ શહા વિષ્ણુદાસ ભગવાનદાસ ૫ શહા મનમોહનદાસ લક્ષુમણદાસ

એક આનાના ૨૦ અને બે આનાના ૧૧ જુમલે ૩૧ વર્ગણીદાર છીએ.

સમાજની કામગીરી

ક આ વરસમાં આ સામાજ ૮ માસ ખુલો હતો. એમાં ધાર્મિક ૬ ,સામાજીક ૮ , પરીષદ ૫ , વેપાર ૩ , શિક્ષણ ૫ જ્ઞાતીહિત ઉપર ૩ જુમલે ૩૦ ભાષણો થયા.

(ખ) આ વરસમાં " ગુજરાથી શિક્ષણ માળા " નામનુ પુસ્તક કાઢવામાં આવ્યુ. આપણી જ્ઞાત અસ્તમાન થઈ જઈ ગાઢ અંધઃકારમાં સુંઈ ગઈ છે, તેનાઉપર બાલ-રવીનો પ્રકાશ પાડી જાગૃત કરવાનો એક ઉદ્દેશ છે. વાચનની અભિરૂચી વધે એમ પ્રયત્ન ચાલુ છે.લેખનનો વ્યાસંગ વધે એમ ચાલ્યું છે.

(ગ) આ સમાજમાં એક " વાચનાલય" ખોલવામાં આવેલુ છે. એમાં ગુજરાથી છાપા, ચોપડીઓ, ધાર્મિક માસીકો

લેવાની ને તે મેંબરોને ઘેર આપવાની સગવડ કરવામાં આવેલી છીએ. એનાથી ધાડેધાડે ગુજરાથી ભાષામાં ફરક પડતો ચાલ્યોલો છીએ.વાચનની અભિરૂચી પણ વધવા લાગી છે. આ વાચનાલયમાં ગુજરાથી ૧૨૧, મરાઠી ૮૧ અને અગ્રેજી ૨૮ જુમલે ૨૩૦ ચોપડીઓ છીએ.

[ધ] સંઘશક્તીથી,એકમેકના સહાયતાથી ને વ્યવસ્થેતી એખાદુ સાદુ કામ કેમ કરીએ એ ઊત્સવ મહોત્સવ અને સાર્વજનીક કામો નિઃસ્વાર્થેથી કરી બતલાવેલુ છીએ.

[ङ] આ વરસમાં સતારાનું વસ્તીપત્રક તયાર કરવામા આવેલુ છીએ.

[ચ] આપણા મહિલા જે કાંઈ તરૂણ તરૂણીઓ અને વૃદ્ધ શ્રીચરણ થયા તે બદલે દુખવટાના ઠરાવ કરવામાં આવેલા છીએ. તેમના સગાઓનુ સમાધાન કરવાના કાગળો મોકલાવેલા છીએ.

છ] ચાલું મહાયુદ્ધમાં આપણા સામ્રાજ્ય સરકારને જશ મળો અને શહેનશાહ ને શહેનશાહ બાનુ દિર્ઘાયુ થવો એમ પ્રાર્થના કરવામાં આવેલી છીએ.

સન્માનનીય ગૃહસ્થના આગમનો

૧] શેટ ગોવિંદદાસ નારાયણદાસ મુંબઈ [૨] નગરશે. રામદાસ કિસનદાસ ભોર [૩] દેવી દામોધરદાસ રામદાસ ભોર [૪] શેટ રામદાસ ગોવર્ધનદાસ પુના [૫] શેટ જીવનદાસ મનમોહનદાસ નગર એવા સાદભાઈઓના આગમન કરી સમાજ બદલે કળકળ દેખાડી તેબદલે આ મંડળ ઘણો અભારી છીએ, અને એમચ દરવર્ષે ભેટને બધા ભાઈઓ લાભ આપશી એવી આશા ધારેછે.

આવતા વરસનું સમાજનુ ધ્યેય

[ક] ધરમ બાબતમાં સાચો ધરમ કેવો ને રૂઢીતી બનેલા ધરમ કેવો એનો વચાર કરવો. ધરમ કરી માનેલી ચાલો:- રૂવાકુટવાની અને લગન વખતે અભદ્ર શબ્દ બોલવાની ચાલો કાઢી નાખવાનો પ્રયત્ન કરવો.

[ખ] આજસુધી શિક્ષણના બાબતમાં જે કામો કરેલા છી તે આપ ભાઈઓ આગલ માલાના રૂપેથી મુકેલા છીએ હવે છોકરા તથા છોકરીઓને શિખવામાટે નિશાલા જોઈએ એનાથી આપણી " માતૃભાષા "સુધરશે એમ ઘણાક ભાઈ ઓની સુચના છે.પણ અહીંયા નિશાલ ખોલવા એટલી વસતી નથી. બીજુ ઇંગ્રેજી શિક્ષણનું માધ્યમ મરાઠી છે. માતૃ ભાષા સુધારવાને એક ઉપાય છે કે રાતના નહીતો જે વખતે વખત ફાવે તે વખતે ઘડીભર ગુજરાથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાનો વચાર છે.

[ગ] શારિરીક બાબતમાં આપણે જે ન્યુનતા જણાય છે, તે ન્યુનતા ઘલાવવા માટે અહીયાં વ્યામામ શાળા કાઢવાનો વચાર છે.

[ઘ]દરજીનો પણ કલાસ કાઢવાનો વચાર છે.

[ઙ]હવે મુંખ્યત્વે કરી, વેપારના બાબદમા ને અનેક કલા-કુશલતાના બાબદમા આવતાવરસમા વચાર કરવોછે. વેપાર બાબદમા આપણા સહધર્મી બાંધવોને ફાયદો કેમ કરી આપવો તેબાબ દનો એક વચાર એમ છે કે આપણા જ્ઞાતિ-ભાઇઓયે તથા બેહનોયે કરેલા 'વસ્તુંનુ પ્રદર્શન' ભરાવવાનો વચાર છે. પ્રદર્શનમા ચિત્રકલા, ફોટો-ગ્રાફી ને નાના બાલકોને લાગતા ઝુબલા, લોકરના તથા સાધા ટોપડા વિગેરે બૈરાઓને લાગતા.

ઝીકના કાઠ વિગેરે સાંસારને લાગતી દરેક વસતુનુ પ્રદર્શન ભરા વવુ. તેમચ આપણામા થતા જીનસનો' સ્ટોઅર' કાઢી વેચવા ની વ્યવસ્થા કરવાનો વચાર છે.

સમાજને દેણગી દાખલ આપેલા ગૃહસ્થોના નામો.

નગરસેઠ દેવી રામદાસ કીસનદાસ ભોરકર રૂ॰ ૧૫.
શહા રામદાસ ગોવર્ધનદાસા પુણા રૂ૦ ૧૧
દેવી સિતારામ રામકૃષ્ણદાસ ટેબલ
દેવી દામોધરદાસ રામદાસ ભોર વૈષ્ણવ ધર્મ પતાકાની વર્ગણી
દેવી ગણપતદાસ નરોતમદાસ આરીસલ્કાક
સોની જીવનદાસ મનમોહનદાસ નગરવાળા રૂ૦ ૨
શેટ વિઠ્ઠલદાસ નારાયણદાસ (માલામાટે ગુજરાથી ટાઇપ)
શેટ ગોવિદદાસ નારાયણદાસ ”
દેવી લક્ષુમણદાસ નરોતમદાસ (ગુજરાથી ચોપડીઓ)
શહા વિઠલદાસ ગોકુળદાસ ” ને મરાઠી ચોપડીઓ
શહા સખારામદાસ પુરશોતસદાસ મ૦ ચોપડીઓ
શહા ગોકુળદાસ રામદાસ હરજીવન મ૦ ગ્રંથ
શહા ગોપાળદાસ વિઠલદાસ હીંદી ચોપડી

શ્રી સતારામાં પ્રગટ થતુ “ ગુજરાથી શિક્ષણ-માલા ” ને “ શ્રી વિસાવડ-નાગર હિત વર્ધક સમાજ ” આ બન્ને સંસ્થા નો વાર્ષીક અહવાલ જોઈ મદદ તરીકે સતારાના જણીતા શહા ગોકુળદાસ રામદાસયે રૂા ૨૫ ને સાંગલીના શેટ ગોવિંદદાસ સીતારામદાસ રૂા ૨૫, નગરના બ્રીજભુકનદાસ દામોધરદાસયે રૂા ૧૧ [હ૦ વિષ્ણુદાસ ભગવાનદાસ] ને વિષ્ણુદાસ ભગવાનદાસયે વ્યાયામમાટે રૂા ૫ આપેલા છીએ. તેમણા દેણગીમાટે અમો ધણા અભારીછીએ.

વિસાવડ–નાગર હિતવર્ધક સમાજના હિસાબ

મિત્તી ભાદરવા સુદા ૧૪ સાંવત ૧૯૭૩ પાસેથી–મિત્તી ભાદરવા સુદા ૧૪ સાંવત ૧૯૭૪ સુધી

જમારૂપીયા.	ખરચ
રૂ૦ ૨૬ પૈ ૩ ગયા વરસની શિલક	રૂ૦ ૨ આ૦ ૧ સમાજ સારૂ સામાન લીધુ તેના.
રૂ૦ ૨૩ આના ૧૨ વર્ગણીદાખલ આવેલી રકમ	રૂ૦ ૧૩ આ૦ ૫ માસિક તથા છાપા પુસ્તકો.
રૂ૦ ૩૬ પૈ ૯ દેખુગી દાખલ આવેલી રકમ	રૂ૦ ૩ આ૦ ૮ સમાજ સારૂ નોકર.
રૂ૦ ૫ સતારા મહાજનના.	રૂ૦ ૯ આ૦ ૧ પૈ ૩ સાદીલ
આ૦ ૨ પ્રવેશફી	રૂ૦ ૧૦ ગુજરાથી શીક્ષણ માલાને બક્ષીસ
	શીલક રૂ૦ ૫૨ આ૦૧૫ પૈ૦૯
રૂ૦ ૯૦ આના ૧૫	રૂ૦ ૯૦ આ૦ ૧૫

ગ્રાહકોને વિનંતી એ છે કે માલાનુ પેહલું વરસ પુરૂ કં
બીજા વર્ષમાં આવતા અંકથી પ્રવેશ કરવાનુ ધારેલુ છીએ
ત્યારે પેહલા પ્રમાણે માલાઉપર પ્રેમ મુકી એક નવો વર્ગ
દાર મળાઇને આપશી એવી આશા છે. હવે માલા દરમા
બહાર પડશે. હાલ માલાને છાપખાનાની ઘણી જરૂરી છે.

× * ×

શેઠ કીરનદારના વીષ્ણુંદાસ પુનાવાલા, જેવોએ સતા
વિ૦ ના૦ હી૦ સમાજના દ્વિતીય વાર્ષિક સંમેલનનુ પ્રમુ
સ્થાન સ્વિકારવાનુ કબુલ કેધુ હતું. તે વખતે મ્યુનસીપલ ઇ
કશનના કામલીધે આવતા અવ્યુ નહી.તે બદલે તે શ્રીએ દ
ગીરી પ્રદરશીત કરેલી છે .એ હવે એ મ્યુંનસીપલ કામ કર
જ્ઞાતીના કામમા વધારે લક્ષ આપશી એવી આશા છે.

* × *

કરમાલામાં સૌ૦ સોનુબાઈ, મુંબઇના શેઠ વિઠલદાસ ન
યણદાસની પત્ની ,ને સાગલીના શેઠ ગોવિદદાસ સીતારામદ
ની પત્ની સૌ૦પાર્વતીબાઈ ,અને અહીયાના શેટ વિઠલદ
ગોકુળદારની પત્ની રૂકમીણીબાઇ એ તીન યુવાનસ્ત્રીઃ
ઝેરી તાવતી ગુદરી ગયા. તેઓનુ દુઃખ તેઓના સંગાએ
સહન કરવા પરમેશ્વર શક્તી આપો ને તેવોના આત્મએ
શાતી મળો. કરમાલાના દેવી વિઠલદારના સામલદારના ચ
વલબદારના રામદારના એવો ઝેરી તાવતી શ્રી ચરણ થયા.
બદલે અમોને બહુ દુખ થાયછે.પ્રભુ તેવોના આત્માને શ
આપો.

* × *

તેમચ આ ઝેરી તાવતી ઘણાક ભાઈઓ ને બેનો ગુદરીઃ
તેમના પણ આત્માને પ્રભુ શાંતી આપો,એવીપ્રભુને પ્રાર્થના

लवाजम.

गांमना लोकोनें वार्षीक न्योछावर १८२
एजंट मार्फत... ... ... १८४
व्ही. पी. टपाल हांसीलसह ... १८१०
किरकोळ अंकनी किंमत ८३

जाहेरखबरना भाव.

आखा एक पाननें	मास १२	रु० १२,	आ० ०
आर्धा पाननें ...	मास १२	रु०	७ आ० ०
फुल पेजनें ...	मास १	रु०	२ आ० ०
दर लॅटीनें ...	मास १	रु०	० आ० १

ज्ञाती बांधवना पासेथी भाव बदले सवलतथी लेवामा आवशे.

सुचनाः—गुजराथी शिक्षण-मालानों अंक नही मळेतो ८ दिवसना अंदर कागळ लखेंतो मोकलवामा आवशे. आपणु ठेकाणु बदलेलु हसेंतो खुलासो करवो.

व्यवस्थापकः—गुजराथी शिक्षण-माला,
सतारा.

हे पुस्तक दत्तात्रय रामचंद्र चितळे यानीं सातारा भवानी नं. १०७ येथें आपल्या 'शुभसूचक' प्रेसमध्यें छापिलें आणि गुजराथी शिक्षण मंडळाकरितां गोपाळ गणेश देवी यांनीं महाजनवाडी मंगळवार नंबर १९० सातारा येथें प्रसिद्ध केलें.

વ્હી૦ પી૦ બુક પોષ્ટ ૩૦

શ્રીયુત રા૦ રા૦ ________________

ઠેકાણુ   ગામ

IF NOT DELIVERED PLEASE RETURN:—

THE GUJARATTI SIKSHANA MALA,

Mungalwar Peth.

SATARA CITY